જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૧/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી ૯૫ લીટર દેશી દારૂ અને ૧૮૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ કબ્જે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ
૧ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૨૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## બળાત્કારની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૦૮૧/૧૬

**શહેરકોટડા** : શહેરકોટડા વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષની પરણીતાએ તા.૧૦/૧૧/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી પાંચેક વર્ષ પહેલા જુદા-જુદા સમયે નરોડા રોડ બુધ્ધનગર સોસાયટી સામે વકિલની ચાલી ખાતે આરોપી રમેશ હીરાલાલ લખારા (રહે,સમ્રાટ ફ્લેટ, વિરાર, મુંબઇ ઇસ્ટ) એ પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી એમ.ડી.ઉપાધ્યાય ચલાવે છે.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૦૮૨/૧૬

**નિકોલ** : ક્રિષ્નાબહેન રાજેશભાઇ પટેલ (ઉ.વ.૧૭)(રહે, અંકુર ચોકડી ટેનામેન્ટ દેવનંદન ફ્લેટ સામે, ન્યુ ઇંડિયા કોલોની, નિકોલ) ને તા.૯/૧૧/૧૬ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રૂષભ ઉર્ફે સોનુ બાલકુષ્ણ વૈષ્ણવ (રહે,પ્રેરણા બંગ્લોઝ, દેવ સુષ્ટી પાછળ, ભક્તિ સર્કલ પાસે, નિકોલ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ક્રિષ્નાબહેનની માતા નિલમબહેન પટેલે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટ :-** **સમાચાર યાદી નં.૨૦૮૩/૧૬**

**રામોલ** : શિવરામભાઇ સુખરામભાઇ ચૌહાણ (ઉ.વ.૪૫)(રહે,હુડકાના મકાન, સીંગરવા રોડ, નિકોલ રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાનાં સુમારે તનમન ભાજીપાંવ થી ઓઢવ જવાના રોડ ઉપર રઘુલીલા રેસીડેન્સી થી થોડેક દુર રોડ ઉપરથી પોતાનું રોયલ એનફીલ્ડ મોટર સાયકલ નંબર જીજે ૨૭ બીએ ૮૬૧૨ કિંમત રૂપિયા ૧,૬૪,૦૦૦/- ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન બે અજાણ્યા ઇસમોએ મોટર સાયકલ ઉભુ રખાવી, શિવરામભાઇનાં પેટના ભાગે છરો મુકી, ધમકી આપી શિવરામભાઇની મોટર સાયકલ અને રોકડા રૂપીયા ૭૫૦/- ની લુંટ કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.લાઠીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૮૪/૧૬**

**નરોડા** : રમેશભાઇ બંસીલાલ કાળે (રહે.ગીરીવન સોસાયટી, પતરાવાળી ચાલી, સૈજપુર બોઘા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૧૬ ના કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે સતલુજ હોટલની સામે, એસ.બી.આઇ.બેન્કની આગળથી કોઇ અજાણી વ્યક્તિ રમેશભાઇનાં ખીસ્સામાં રાખેલ ૫૦૦ તથા ૧૦૦૦ ના દરની નોટો કુલ રૂપિયા ૫૦,૦૦૦/- તથા બે પાસબુકની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.યાદવ ચલાવે છે.

**ઓઢવ** : રામપ્રસાદ ખરપતુ પટેલ (રહે.રૂષીકેશનગર, ધીરજ હાઉસીગ, ખોખરા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૧/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૧૧/૧૬ ના કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ રીંગરોડ સાંઇ હોટલની બાજુમાં ભુમી ગેરેજની સામે રોડ ઉપર પોતાની આઇશર ગાડી પાર્ક કરી હતી. જે આઇશર ગાડીની તાડપતરી તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાં ભરેલ વિમલ પાન મસાલાનાં કારટુન નંગ- ૩૪ કિંમત રૂપિયા ૨,૯૫,૮૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**ત્યજી દિધેલ મૃત નવજાત શીશુ મળી આવ્યુ :-** **સમાચાર યાદી નં.૨૦૮૫/૧૬**

**વેજલપુર** : તા.૧૦/૧૧/૧૬ ના કલાક ૮/૪૫ વાગ્યા પહેલા અંજલી સર્કલ પાસેના જય અંબેનગર ધાબા ઉપરથી ત્યજી દિધેલ મૃત હાલતમાં નવજાત શિશુ મળી આવતા આ અંગે વેજલપુર પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.કોડીયાતર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)